ગાંધીનગર સમાચાર



# ગાંધીનગર ઠંડુગાર : પારો ૭ ડિગ્રી



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આજે મૌસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. ઠંડીનો પારાએ દોટ લગાવતા લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રીએ પહોંચી ગયું વિક્રમજનક ઠંડીના લીધે નગર ઠંડુગાર બનતા નગરજનો કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા.

છેલ્લા એક સપ્તાહથી ઠંડી-ગરમીના પાટાની ચઢ-ઉતર વચ્ચે હતો. જ્યારે છેલ્લા બે દિવસમાં મૌસમનો મિજાજ અચાનક બદલાતા વાતાવરણમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ગઈકાલે પણ લઘુત્તમ તાપમાનમાં ૮ ડિગ્રીની ગિરાવટ

## રાજ્યમાં નલિયા બાદ ગાંધીનગર સૌથી ઠંડુ શહેર : સિઝનની વિક્રમજનક ઠંડી : ૪૮ કલાકમાં ઠંડીનો પારો ૧૩ ડિગ્રી ગગડ્યો : આક્રમક કોલ્ડવેવથી નગરનું જનજીવન પ્રભાવિત : માર્ગો પર સુનકાર

હતું. નલિયા બાદ ગાંધીનગર રાજ્યનું બીજા નંબરનું ઠંડુ શહેર હોવાનું સ્પષ્ટ થયું છે. છેલ્લા ૪૮ કલાકમાં ન્યુનત્તમ તાપમાન ૧૩ ડિગ્રી ગગડતા મૌસમના મિજાજમાં આશ્ચર્યજનક બદલાવ જોવા મળ્યો હતો. સીઝનની નગરજનો મૌસમના વિચિત્ર મિજાજનો અહેશાસ કર્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીએ પહોંચ્યા બાદ અચાનકજ ઠંડીના પારાએ ઉંધી દિશામાં દોટ લગાવતા પારો ૨૦ ડીગ્રીએ પહોંચી ગયો જોવા મળી હતી. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી નોંધાયું હતું, જ્યારે આજે પણ ઠંડીનો પારો ૫ ડીગ્રી ગગડતા ઠંડી ૭ ડીગ્રીએ પહોંચી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ૩૧મી ડિસેમ્બરથી રવિ કૃષિ મહોત્સવ ઉજવાશે

## મહોત્સવ દરમ્યાન ખાસ કૃષિ વિષયક સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

૩૧મી ડિસેમ્બરથી રવિકૃષિ મહોત્સવની ઉજવણી કરવાના ચક્રો કૃષિ વિભાગ દ્વારા ગતિમાન કરવામાં આવ્યા છે.

રવિ કૃષિ મહોત્સવની ઉજવણીનું આ દ્વિતિય વર્ષ છે. આ રવિ કૃષિ મહોત્સવ તાલુકા કક્ષાએ ઉજવવામાં આવશે. જેમાં રવિસીઝન માટેના વાવેતરમાં વૃદ્ધિ થાય તેમજ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ પણ કરવામાં આવશે.

રવિ કૃષિ મહોત્સવ દરમ્યાન ખાસ કૃષિ વિષયક સેમિનાર યોજાશે અને બજાર વ્યવસ્થા વિશેનું માર્ગદર્શન ખેડૂતોને મળી રહે તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે તેમ કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. આ માટે કૃષિ યુનિવર્સિટીમાંથી વૈજ્ઞાનિકોની ટીમો પણ આ સેમિનારમાં હાજર રહી ખેડૂતોને વિશેષ માર્ગદર્શન આપશે.

# જિલ્લા વન તંત્ર લાકડાની હરાજી માટે પ્રથમવાર ઈ-ઓકશન કરશે

ગાંધીનગર, તા.૧૨

ગત જુલાઈમાં તોફાની વરસાદ દરમિયાન જિલ્લામાં સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થયા હતા જયારે ધરાશાયી થયેલા આ વૃક્ષોના લીધે વનવિભાગને હજારો કિવન્ટલ લાકડુ ઉપલબ્ધ થયું છે. વનતંત્ર દ્વારા ટૂંકમાં આ લાકડાની હરાજી કરવામાં આવશે. જિલ્લા વન તંત્ર દ્વારા પ્રથમવાર ઈ-ઓકશનની પ્રકીયા હાથ ધરાશે.

**હજારો કિવન્ટલ લાકડાની હરાજી માટે ટુંકમાં પ્રકીયા હાથ ધરાશે**

ગ્રીનસીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં ગત ચોમાસા દરમિયાન હરિયાળીનો ઓથ વળી ગયો હતો. ગત જુલાઈ મહીનામાં આવેલા તોફાની વરસાદના લીધે શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. નજર નાંખો ત્યાં વૃક્ષો માર્ગ પર આડશ બનેલા જોવા મળ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. તોફાની વરસાદમાં ધરાશાયી થયેલા વૃક્ષોને દુર કરવાનું કામ લાંબા સમય સુધી ચાલ્યું હતું. વનતંત્રની મંદ કામગીરીના લીધે આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. વનતંત્ર દ્વારા સઘળા વૃક્ષો દૂર કરાયા બાદ તેમાંથી અંદાજિત ૨૦હજાર કિવન્ટલ લાકડું ઉપલબ્ધ થયું છે. જયારે આ લાકડાની હરાજી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર શહેરમાં વધતુ હવાનુ પ્રદૂષણ

## વાહનો, પ્લાસ્ટીક સળગાવવાની પ્રવૃત્તિ તેમજ જીઈબી દ્વારા પ્રદૂષણ વધી રહ્યુ છે : શહેરમાં હવાના પ્રદૂષણને નાથવાનો એક્શન પ્લાન અભેરાઈએ પડી ગયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન હવાનું પ્રદૂષણ તેના તમામ માપદંડો વટાવી રહ્યું છે અને આરોગ્ય માટે પણ નવા પડકાર ઉભા કરે તેવી સ્થિતિ તરફ ઝડપથી આગળ વધી રહેલ છે.

પ્રદૂષણ મુક્ત ગાંધીનગર શહેરની ઓળખ સ્થાપિત કરવા અહિ કોઈ મોટા ઉદ્યોગો ઉભા નથી કરાયા પણ જે રીતે વાહનોની સંખ્યામાં વધારો થયો છે તેને પગલે ગાંધીનગરમાં એર પોલ્યુશનની માત્રા વધી રહી છે.

ગાંધીનગર શહેરની વસ્તીના પ્રમાણમાં વાહનો વધુ છે તો બીજી તરફ જીઈબીનું પ્રદૂષણ ઉપરાંત પ્લાસ્ટીકને બાળી ઉભુ કરવામાં આવી રહેલુ પ્રદૂષણ માનવ-આરોગ્ય માટે પ્રશ્નોર્થો ઉભા કરી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં વૃક્ષોની કપાતને કારણે ઝેરી વાયુના શોષણની ક્ષમતામાં ઘટાડો થવા પામ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં જ શહેરમાંથી પાંચ હજાર કરતાં વધુ વૃક્ષોનું છેદન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે ટ્રાફિકનું ભારણ વધ્યુ છે તેને નિયંત્રિત કરવામાં આવેલ નથી એટલુ જ નહિ એર પોલ્યુએશન એક્ટની જોગવાઈઓના પાલન માટેનું કોઈ જ નિયમન ગાંધીનગરમાં થતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

### સેક્ટર-૧૩માં સૌથી વધુ પ્રદૂષણ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં સે. ૧૩માં મહાત્મા મંદિર નજીક સાંજના સુમારે સૌથી વધુ હવાનું પ્રદૂષણ નોંધાતુ હોવાનું એક પર્યાવરણવિદે જણાવ્યું હતું.

આ ઉપરાંત ગંધીનગર સ્મશાનગૃહ નજીક મનપા દ્વારા ઉભી કરાયેલ લેન્ડફિલ્ડ સાઈટને લઈ સે. ૩૦ નજીક પણ હવાનું પ્રદૂષણ સૌથી વધુ જોવા મળી રહ્યું છે. હવાના પ્રદૂષણના પ્રદૂષકો અને ઝાકળને મળવાથી આરોગ્ય સામે સૌથી વધુ પ્રશ્નો ઉભા થતા હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.





# જાપાન ગુજરાત પ્રત્યે આશાસ્પદ

અમદાવાદ,તા. ૧૨

જાપાની કંપનીઓ ગુજરાતમાં વિશેષરીતે રસ લઈ રહી છે. ૪૦થી વધુ કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે તૈયાર હોવાના અહેવાલ પણ મળ્યા છે. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર પણ ગુજરાતમાંથી પસાર થશે. એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ્સ અને એન્સિલરી યુનિટ્સ વિઠ્ઠલાપુરમાં સ્થાપવાના છે. ૬૦ જેટલી જાપાનીઝ કંપનીઓનું હાલ ગુજરાતમાં રોકાણ છે. બીજી ૪૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરશે. ૨૦૧૬માં ગુજરાતમાં જાપાનની કુલ કંપનીઓની સંખ્યા ૧૦૦ પર પહોંચશે. ટોયાટોનું રોકાણ પણ થવાનું છે. હાલોલમાં જાપાનીઝ સેનિટરી વેર ટોટો ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડે ૩૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ છે. જાપાનીઝ કંપની ટીએસ ટેકનોલોજી મોટર સાયકલ મેન્યુફેક્ચરર છે જ્યારે રોકી મિન્દા એર ફિલ્ટર્સ મેન્યુફેક્ચરિંગ કંપની છે. આ બંને કંપનીઓએ ગુજરાતમાં રોકાણ કર્યુ છે. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ગુજરાતમાંથી પસાર થવાનો છે તેમાં જાપાન મુખ્ય ભાગીદાર છે.



વિદેશી મહેમાનો : વાયબ્રન્ટ સમિટ સમયે વિદેશી મહેમાનો માટે સાબરમતી રિવરફ્રન્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું... અને આજે પણ સરહદ પારથી વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાને ચરિતાર્થ કરતા પક્ષીઓ સાબરમતીનું સૌંદર્ય પામવા મોટી સંખ્યામાં પધાર્યા છે... પ્રકૃતિની અમૂલ્ય ભેટ માણવાની સોનેરી તક ગુજરાતના લલાટે લખાઈ છે... દર વર્ષે નળસરોવર હોય કે નારાયણ સરોવર હોય, સાબરમતીનો કિનારો હોય કે લવારપુરનું તળાવ હોય વિદેશી પક્ષીઓ આપણા આંગણે આવે છે... અદ્દભૂત દ્દશ્ય માણવા જેવું હોય છે....

# રાજ્યમાં પ્રથમ ફલોટિંગ રેસ્ટોરન્ટ ૩૧મીથી આરંભાશે

અમદાવાદ,તા. ૧૨

ગુજરાતમાં પ્રથમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ અથવા તરતા રેસ્ટોરન્ટનું ૩૧મી ડિસેમ્બરના દિવસે ખોલી દેવામાં આવશે. મધ્ય ગુજરાતના ભરુચ ખાતે પ્રથમ આ પ્રકારના રેસ્ટોરન્ટની શરૂઆત થવા જઈ રહી છે. આ રેસ્ટોરન્ટ નર્મદા નદીના બોટમાં રહેશે. ફ્લોટિંગ રેસ્ટોરન્ટનું ઉદ્દ્ઘાટન ૩૧મી ડિસેમ્બરના દિવસે કરવામાં આવનાર છે. નર્મદા નદીના કિનારે સ્થિત નર્મદા પાર્કમાં લાઈવ કોન્સર્ટ સાથે આની શરૂઆત કરવામાં આવશે. આને લઈને પહેલાથી જ ઉત્સુકતા દેખાઈ રહી છે. એક્વેટિકા રિવરફ્રન્ટ કંપનીના પ્રોપરાઈટર બંસીભાઈ પટેલ દ્વારા આને આગળ વધારવાની કામગીરી હાથ ધરાઈ હતી. પ્રોજેક્ટ બે કરોડથી વધારાનો છે. બોટ ઉપર આધારિત રેસ્ટોરન્ટને ગોલ્ડન બ્રિજ અને કબીર વાડ વચ્ચે નર્મદા નદીમાં કરવાની મંજુરી અપાઈ છે. ભરુચ સ્થિત કિશનભાઈ પટેલ જે આ પ્રોજેક્ટના મેનેજર છે તેમના કહેવા મુજબ ગુજરાતમાં પ્રથમ પ્રકારના આ રેસ્ટોરન્ટમાં સંગીત સાથે એક સાથે ૬૫ લોકો ભજનની મઝા માણી શકશે.

**બોટ સ્થિત રેસ્ટોરન્ટમાં એકસાથે ૬૨ પ્રવાસી ભોજનની મજા માણી શકશે : શરૂઆતમાં ગ્રુપ બુકિંગ જ સ્વીકારાશે**

નર્મદા નદીમાં ૩.૫-૪ ફૂટ પાણીની સપાટી રહેશે તો જ ફ્લોટિંગ રેસ્ટોરન્ટની મઝા માણી શકાશે. શરૂઆતમાં ઓપરેટરો માત્ર ગ્રુપ બુકિંગ સ્વીકાર કરશે. ત્યારબાદ વ્યક્તિગતોને પણ ફ્લોટિંગ રેસ્ટોરન્ટના અનુભવને માણવાની તક મળશે. પ્રવાસીઓ માટે આ એક સ્થળ સમાન બની રહેશે. પ્રથમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ જોવા માટે પણ મોટી સંખ્યામાં લોકો પહોંચે તેમ માનવામાં આવે છે. મુખ્ય આકર્ષણ તરીકે ભરુચમાં ફ્લોટિંગ રેસ્ટોરન્ટ બની શકે છે.

પેથાપુર ગામમાં કચરિયાની ઘાણી...
શિવમ્ ઘાણી કચરિયું
જુના અને જાણીતા કચરિયું, ચીકી તેમજ અવનવી વેરાઈટીઝમાં કચરિયું મળશે. તેમજ કચરિયું આપના તલ લાવી આપશો તો કચરિયું કાઢી આપવામાં આવશે. અમારે ત્યાંથી સૂંઠ, ગંઠોડા, બદામ, કાજુ, તલ, ગોળ પણ મળશે.
ખોડિયાર કિરાણા સ્ટોર્સ
રામદેવ મંદિરની બાજુમાં, પેથાપુર
પ્રો. સતિષકુમાર સોમચંદ મોદી

॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ક્રિષ્ના ફર્નિચર એન્ડ પ્લાય
રાજેશભાઈ 9687433766
પરષોત્તમભાઈ 9904162608
હરેશભાઈ 9879604963
ધમાકા ઓફર
આખાય ઘરનું ફર્નિચર ફક્ત : 30,999/-
● ડબલબેડ ● મેટ્રેસ, ઓસીકા ● વોલ ડ્રોપ ● ટીપોઈ ● સોફા
પેથાપુરમાં ૪૦૦૦ સ્કેવેર ફુટ બેઝમેન્ટમાં વિશાળ અને અદ્યતન શો રૂમ
શોપ નં. ૧૧૩/૧૨૪, મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, પેટ્રોલપંપ ની બાજુમાં, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com